**ફોજદારી કેસ નંબર– 26/2002**

**–:: આંક–૦૧ લગત હુકમ::–**

**(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનુ રેકર્ડ વંચાણે લીધું. આ કામે ફરીયાદી/ભોગ બનનાર નોટીસ કાઢતાં અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, ફરીયાદી ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી નં 1 વિરૂઘ્ધનો ગુનો કંમ્પાઉન્ડ(દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી,સંભળાવી,સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.**

**(ર) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, ઉપરોકત આરોપી ને કેસનો સમન્સ બજયો ન હોય કે આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમા તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂઘ્ધનો ગુનો તેમની ગેરહાજરીમા કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ઘ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.**

**૧. વાય.બી.બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા,ર૦૦૮,ક્રિ.લો.જ.–૯ર૮.**

**ર. યેસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સપેકટર ઓફ પોલીસ કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ.–૧ર૯૦.**

**(૩) સદર ઓથોરીટીમા નામ.કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.**

**(એ) ક્રિ.પ્રો.કો.કલમ–૩ર૦ મા કરેલ કોમ્પીઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રીયા છે અને તે દ્રીપક્ષીય ક્રીયા નથી.**

**(બી) ક્રિ.પ્રો.કો.કલમ–૩ર૦(૧) તથા ૩ર૦(ર) મુજબ કોમ્પીઝીશનના નામે અરજી સદર કલમના કોકટાની કોલમ નં.૩ મા વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમા તેની સહીથી થઈ શકે.**

**(સી) કોમ્પીઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપી નં.(૩) ની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.**

**(ડી) ક્રિ.પ્રો.કો.કલમ–૩ર૦ મુજબની કોમ્પીઝીશનની જોગવાઈ ઘ્યાને લેતા કોર્ટ આરોપી નં.(૩) ને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.**

**(ઈ) ક્રિ.પ્રો.કો.કલમ–૩ર૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રીયા કોર્ટ ગુનાનુ સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.**

**(૪) આમ, ઉપરોકત ઓથોરીટીમા ઠરાવેલ સિઘ્ધાંતો ઘ્યાને લીધા. સદર સિઘ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કો.કલમ–૩ર૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમા આરોપી ની સહી ફરજીયાત નથી. તેમજ આરોપી ની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત**

નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે, તેમજ ફરીયાદની હકીકતને ઘ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામા આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતું નથી. વધુમા આરોપી ને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામા આવે તો કેસના પરીણામમા કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી. અને ફરીયાદી/ભોગ બનનાર સ્વેચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણા વેડફવા બરાબર થશે. માટે ઉપરોકત તમામ પાસા ઘ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામા આવે છે અને ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કામના આરોપી નં. Nilesh Nalinbhai રહે. Ahmedabad તા.09-11-2001 નાઓને ક્રિ.પ્રો.કો.ક. ૩૨૦(૧)(૨)(૮) અન્વયે ઈ.પી.કો. કલમ 379, 411, 114 મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ તા. 22-07-2018 ના રોજ લોક અદાલત "સ્પેશિયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ" માં હુકમ જાહેર કર્યો.

તારીખ : 22-07-2018

**(MOHMADSARIK MUDASARALI SAIYED)**

**અમદાવાદ**

2nd Addil. Civil Judge & J.M.F.C.,Ahmedabad(Rural).

Judge Code : GJ 01103